

# પેટ્રોલ-ડીઝલમાં પુનઃ ભાવ વધારો

## વેટ અને સેલટેક્સ સિવાય પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ક્રમશઃ લીટરદીઠ ૧.૬૯ અને ૫૦ પૈસાનો વધારો : ભાવ વધારો તાત્કાલિક રીતે અમલી

નવી દિલ્હી, તા.૩૦ તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકો ઉપર એક પછી એક બોજ ઝીંકાઈ રહ્યો છે. આજે પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારો ઝીંકી દેવામાં આવ્યો હતો. પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ ૧.૬૯ અને ડીઝલની કિંમતમાં લીટરદીઠ ૫૦ પૈસાનો વધારો ઝીંકી દેવામાં આવ્યો હતો. ઈરાકમાં કટોકટીને લઈને હજુ પણ ચિંતા પ્રવર્તી રહી છે. પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં કરવામાં આવેલો વધારો તાત્કાલિક ધોરણે અમલી બનાવી દેવામાં આવ્યો છે. પેટ્રોલ અને ડીઝલની કિંમત ગુજરાતમાં વધુ લાગશે. કારણ કે, વેટ પણ અમલી બનશે. ગુજરાતના જુદા જુદા શહેરોમાં ૪૩ પૈસાના વેટ સાથે કિંમત લીટરદીઠ હવે ૨.૧૨ વધશે. આનો મતલબ એ થયો કે, અમદાવાદમાં પેટ્રોલના નવા ભાવ ૭૭.૩૭ રૂપિયા થશે જ્યારે ડીઝલમાં પ્રતિ લીટર ૧૩ પૈસાનો વેટ લાગુ કરતા ડીઝલની

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

નિંદા અને નિંદ્રા ઉપર જે વિજય મેળવે તે જ જીંદગીમાં કંઇક બની શકે છે

- ગુજરાતી કહેવત

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૧૧ | ૧ જુલાઇ, ૨૦૧૪, મંગળવાર; અષાઢ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આજથી વિધાનસભાનુ અંદાજપત્ર સત્ર

## પ્રથમ દિવસે જ ચાલુ વર્ષનું સુધારેલુ અંદાજપત્ર નાણાંમંત્રી રજુ કરશે : વિપક્ષ સરકાર પર રાજકીય દબાણ ઉભુ કરી પ્રજાના રક્ષણ માટે અને પ્રશ્નો માટે લડત આપવાના આક્રમક મુડમાં

ગાંધીનગર, તા. ૩૦ ગુજરાત વિધાનસભાના આજથી આરંભાઈ રહેલ સત્રના પ્રથમ જ દિવસે નવા વરાયેલા નાણાંમંત્રી શ્રી સૌરભભાઈ પટેલ તેમની સરકારનું પ્રથમ અંદાજપત્ર રજુ કરશે.

રાજ્યમાં વરસાદ ખેંચાતા ઉભી થયેલી પરિસ્થિતિમાં સરકાર નવા વેરા નાખવાનુ ટાળશે પણ કેટલી નવી રાહતો જાહેર કરે છે તેના પર સૌનુ ધ્યાન કેન્દ્રીત થયુ છે. રાજ્ય સરકારે કૃષિ વિકાસ વર્ષ તરીકે ચાલુ વર્ષને ઉજવવાની કરેલ જાહેરાત અને સશક્તિકરણ પર બજેટમાં વિશેષ ભાર મુકવામાં આવે તેવી શક્યતાઓ છે.

સરકારે બજેટ પૂર્વે જ સરકારી નોકરીમાં યુવા વર્ગને સાથે રાખવા વયમર્યાદામાં છુટછાટની જાહેરાત કરી દીધી છે. આ ઉપરાંત પંચાયતોની આર્થિક સ્થિતિના મજબુતીકરણ માટે પણ સરકાર અંદાજપત્રમાં કેટલીક

● અનુસંધાન પાન-૭ પર



વરસાદ ખેંચાઈ જવાના કારણે ઘાસચારાની તંગી ઉભી થવાના સંકેત પણ દેખાઈ રહ્યા છે. ખેડૂતો હાલમાં રહેલા ઘાસચારાના જતનમાં વ્યસ્ત છે.

# વિધાનસભાના ચોમાસું સત્રને લઈ પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો

ગાંધીનગર, તા.૩૦ ગાંધીનગર સ્થિત ગુજરાત વિધાનસભામાં આજથી ૩૦ દિવસ સુધી વિધાનસભાનું ચોમાસુ સત્ર શરૂ થઈ રહ્યું છે. વિધાનસભા સત્રને લઈ સચિવાલય સંકુલની બહાર અને વિધાનસભાની અંદર પોલીસે લોખંડી બંદોબસ્ત ગોઠવી દીધો છે. જેમાં સ્થાનિક પોલીસ અને એસ.આર.પી. પોલીસ સહિત બોમ્બ સ્કોર્ડની ટુકડીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર સ્થિત ગુજરાત વિધાનસભાનું આજથી ૩૦ દિવસ માટે સત્ર શરૂ થઈ રહ્યું છે. સત્ર દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જિલ્લા પોલિસ વિભાગ દ્વારા સઘન પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. જેમાં વિધાનસભા સંકુલની બહાર ૩ ડીવાયએસપી, ૧૧ પી.આઈ., ૨૫ પી.એસ.આઈ., ૨૦૦ પોલીસ, ૩ કંપની એસ.આર.પી., ૨૫ મહિલા પોલીસ, ૨૦ કમાન્ડો અને ૧ બોમ્બ સ્કોર્ડ ટીમ જયારે વિધાનસભા સંકુલમાં ૧ ડીવાયએસપી, ૪ પી.આઈ., ૧૫ પી.એસ.આઈ. અને ૧૦૫ પોલીસ ફરજ બજાવશે.

# શૌચાલયની સુવિધા ન ધરાવતા પ્રતિનિધિને ગેરલાયક ઠેરવવા સરકારની વિચારણા

## જીલ્લા કલેક્ટરે સરકારની વિચારણાનો આપેલો સંકેત : ૧૫૬ ગામોમાં સ્ત્રી જન્મ દર જિલ્લાની સરેરાશ કરતાં પણ નીચો છે : ડી.ડી.ઓ. : સરપંચો પંચાયતી રાજનુ મસ્તક છે : સ્વસ્થ અને શ્રેષ્ઠ જિલ્લો બનાવવાનો સંકલ્પ છે : હીના પટેલ

ગાંધીનગર, તા. ૩૦ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના જે પ્રતિનિધિના ઘરમાં શૌચાલયની સુવિધા ન હોય તેવા પ્રતિનિધિને ગેરલાયક ઠેરવવાની જોગવાઈ કરવા અંગે રાજ્ય સરકાર વિચારણા કરી રહી હોવાનો સંકેત આપતાં જિલ્લા કલેક્ટર ડૉ. પી. સ્વરૂપે જણાવ્યું હતું કે દેશના ત્રણ જેટલા રાજ્યોમાં આવો કાયદો છે અને તેમાં છ વર્ષ સુધી ગેરલાયક ઠેરવવાની જોગવાઈ કરવામાં આવેલી છે.



ગાંધીનગર જિલ્લાના સરપંચોના સંમેલનને સંબોધતાં જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે જિલ્લો સર્વાંગી વિકાસમાં અગ્રેસર બની રહ્યો છે પણ સ્વચ્છતા અને શૌચાલયોને લઈ તે પછાત છે. તાજેતરમાં કરાયેલા એક સર્વેમાં ૧/૩ જેટલા લોકો શૌચાલયની સુવિધા ધરાવતા નથી તે દુઃખદ છે. તેમણે કહ્યુ કે શૌચાલય માટે હવે સરકાર દ્વારા પણ વિવિધ યોજના અંતર્ગત ૧૦ હજાર સુધીની સહાય મળતી હોય છે.

જિલ્લા કલેક્ટરશ્રીએ એવી પણ ચિંતા વ્યક્ત કરી હતી કે જિલ્લાની પ્રા. શાળાઓમાં પુરતી સુવિધાઓ ધરાવતા શૌચાલયો નથી. આવી સંખ્યા પણ મોટી છે. આ આપણા સમાજ માટે અને આપણા સૌ માટે સારી વાત નથી. તેમણે આ બધી બાબતોમાં સરપંચો સાચા અર્થમાં જાગૃતિ દાખવી અને કામગીરી કરે તે જરૂરી છે.

તેમણે કૂપોષણની સમસ્યાનો ઉલ્લેખ કરી જણાવ્યુ કે છ મહિના સુધી આંગણવાડીના બાળકોને કૂપોષણમાંથી મુક્તિ આપવાના તંત્રના મતમાં સહયોગ આપનાર સરપંચનું જાહેર સન્માન કરવામાં આવશે. કૂપોષણ અને ગંદકી એ રોગચાળાના પાયામાં છે તે વાત આપણે ભુલવી જોઈએ નહિ.

જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે જિલ્લામાં આર્થિક સમૃદ્ધિ વધી છે અને વિકાસમાં પણ સારી એવી નામના મેળવી છે ત્યારે આપણે સૌ વિકાસમાં વધુ પૂરક બની અને વિકાસને વેગીલો બનાવીએ.

તેમણે કહ્યું હતું કે દહેગામ તાલુકાઓના પેટા પરાઓને રોડ કનેક્ટીવીટીથી સાંકળી લેવાની વાતને શૈદ્ધાંતિક મંજુરી અપાઈ ચુકી છે. હવે આ દિશામાં ઝડપથી કાર્યવાહી કરવામાં આવશે.

નર્મદા યોજનાનું પાણી લેવાની કેટલીક ગ્રામ પંચાયતો ના પાડે છે તેના કારણો જાણવાની ઈચ્છા જાહેર કરતાં

● અનુસંધાન પાન-૭ પર




# બજેટ સત્રમાં પાંચ મહત્વના બિલ

## હાઉસીંગ બોર્ડના ડ્રો મુદ્દે કોંગ્રેસ આક્રમક વલણ અપનાવે તેવી વકી

ગાંધીનગર, તા.૩૦ કાલથી શરૂ થતાં ગુજરાત વિધાનસભાના બજેટ સત્રમાં કુલ પાંચ બીલ રજુ કરવામાં આવે તેવી સંભાવના છે. કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં જે પાંચ બીલ રજુ કરાયા છે તેમાં ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ (૧૯૭૯નું સુધારા વિધેયક), ગુજરાત કોર્ટ ફી અને ગુજરાત દિવાની કોર્ટ ફી કાયદા સુધારા, ગણોત વહીવટ અને ખેતીની જમીનના કાયદામાં સુધારા, ગુજરાત કૃષિ યુનિવર્સિટી સુધારા વિધેયકનો સમાવેશ થનાર હોવાનું જાણવા મળે છે. દરમિયાન ગુજરાત વિધાનસભાના બેઠક સત્રમાં કોંગ્રેસ વિવિધ મુદ્દાઓને લઈને સત્તાધારી ભાજપને ઘેરે અને આક્રમક સ્વરૂપ દાખવે તેવી સંભાવના હોવાનું જાણવા મળે છે. મળતી માહિતી મુજબ વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાની રાહબરી હેઠળ કોંગ્રેસના ધારાસભ્યો હાઉસીંગ બોર્ડના ડ્રોનો ગોટાળો તલાટીઓની ભરતીનું કૌભાંડ, ખેંચાતો વરસાદ, પીવાના પાણી અને ઘાસચારાની સ્થિતિ વગેરે મુદ્દે કોંગ્રેસ આક્રમક અભિગમ દાખવે તેવું જણાઈ રહ્યું છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! | CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

BANK CLERK (IBPS)
શોર્ટકટ સાથે સ્પીડ & એક્યુરસીનું શિક્ષણ
4 માસનો અભ્યાસક્રમ
ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)

| શાખા | બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|
| પેથાપુર શાખા માટે | 18.07.2014 | બપોરના 2-45 થી 4-15 | સોમ થી શુક્ર |
| ગાંધીનગર શાખા માટે | 17.07.2014 | બપોરના 12-45 થી 2-15 | સોમ થી શુક્ર |
| મહેસાણા શાખા માટે | 21.07.2014 | સવારના 10-30 થી 12-00 | સોમ થી શુક્ર |

કલાર્ક / કોન્સ્ટેબલ / તલાટી : વર્ગ-3 માટે જ ખાસ
માસ્ટર કોર્ષ-2014
4 માસનો અભ્યાસક્રમ
ગુજરાતી / અંગ્રેજી / ગણિત / બુદ્ધિ ચાતુર્ય / સામાન્ય જ્ઞાન
સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE
ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)

| શાખા | બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|
| પેથાપુર શાખા માટે | 10.07.2014 | સાંજના 4-30 થી 6-00 | સોમ થી શુક્ર |
| ગાંધીનગર શાખા માટે | 11.07.2014 | સાંજના 4-15 થી 5-45 | સોમ થી શુક્ર |
| મહેસાણા શાખા માટે | 15.07.2014 | બપોરના 12-15 થી 1-45 | સોમ થી શુક્ર |

GPSC (1/2) CSAT/GS
Dy.SP / DC / મામલતદાર / SO / TDO / DR
351 કુલ જગ્યાઓ
પરીક્ષા તારીખ 12.10.2014
ફી માત્ર ₹ 24,000/- (F) ₹ 28,000/- (M)
પ્રિલિમ પરીક્ષાના સમય સુધીનો અભ્યાસક્રમ (Max.6 months)
સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE... FREE...

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| ગાંધીનગર શાખા માટે | | |
| 04.07.2014 | સવારના 10-30 થી 12-30 | સોમ થી શુક્ર |
| 02.07.2014 | સાંજના 6-30 થી 8-30 | સોમ થી શુક્ર |
| 06.07.2014 | સવારના 8-45 થી બપોરના 3.00 | રવિવાર |
| 12.07.2014 | સાંજના 6-30 થી 10-30 | શનિ / રવિ |
| મહેસાણા શાખા માટે | | |
| 04.07.2014 | સવારના 8-15 થી 10-15 | રવિ થી ગુરૂ |
| 13.07.2014 | સાંજના 6-00 થી 9-30 | શનિ / રવિ |

TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર 9537614606 — પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ઘ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3.00 થી 5.30 સુધી)
મહેસાણા 9537614607 — પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી)
પેથાપુર (ગાંધીનગર) : રૂબરૂ મળવાનો સમય સવારના 10-30 થી બપોરના 1-30 (મો. : 9537614606)
પેથાપુર શાખા 03.07.2014 (ગુરૂવાર) થી શરૂ થશે
ઓફીસ નં. 229, 230, બીજો માળ, શ્રી સ્કવેર બિલ્ડીંગ, પેથાપુર ચોકડી, મહુડી-ગાંધીનગર રોડ, પેથાપુર, ગાંધીનગર.